वि ाप्ति.

શ્રી જગન્નાથતીર્થસ્વામી મહારાજ આશ્રિત
श्री सनातनधर्मोत्तेजक मंडळ तरफथी

આજ દિન સુધીમાં નીચે પ્રમાણેના પ્રવાહો છપાઈ બહાર છે:—

ी सद्गुरु पूजाप्रयोग.	પ્રવાહ પહેલો.
ी सुबोधपत्र.	પ્રવાહ બીજો.
स्वरूपनी अणसमज. (પ્રથમ ભાગ)	પ્રવાહ ત્રીજો.
श्री विचारपंचक.	,, ચોથો.
श्री गुरुस्तुति.	,, પાંચમો
श्री शुकव्यास सवाद.	,, છઠ્ઠો
विज्ञानमणी.	,, સાતમો.
श्री शिष्यपरीक्षा याने तत्वज्ञान.	,, આઠમો.
बोधवचन. (છપાય છે.)	,, નવમો.

ઉપરના પુસ્તકો મગાવનારે પોતાનું નામઠામ તથા ઠેકાણું-લખી એક આનાની ટીકીટ મોકલી નીચેના ઠેકાણેથી મં- લેવા —

શ્રી શંકર જગન્નાથ તીર્થસ્વામી મહારાજ મારફત
પ્રેમશંકર મગનલાલ શર્મા
વ્યવસ્થાપક
श्री सनातन धर्मोत्तेजक मंडळ.

હે શિષ્ય બાળક ! તુ કોણ અને કોનો પુત્ર છુ, કયાથી આવ્યો અને કયાં જઇશ ? તારૂ નામ શુ ? વગેરે જે મે તને પુછયુ તેતું કહે તુ ખરેખર મારી પ્રીતિનુ પાત્ર છુ.

શિષ્ય—

नाहं मनुष्यो न च देव यक्षो,
न ब्राह्मण क्षत्रिय वैश्य शूद्राः ॥
न ब्रह्मचारी न गृहीवनस्थो,
भिक्षुर्न चाहं निज बोधरूपः ॥१॥

હુ મનુષ્ય નથી તેમ દેવ યક્ષ પણ નથી, બ્રાહ્મણ, ક્ષ વૈશ્ય તથા શુદ્ર એ વર્ણનો નથી તેમ બ્રહ્મચારી, ગૃહસ્થ, પ્રસ્થ તથા ભિક્ષુ–સન્યાસી–પણ હુ નથી. હુ તો કેવળ એ શુદ્ર બ્રહ્મ છુ.

(જયારે શિષ્યે કહ્યુ કે હુ બોધરૂપ શુદ્ર બ્રહ્મ છુ ત્યા પરીક્ષા નિમિત્તે ગુરૂશંકાના રૂપમા પુછે છે—)

ગુરૂ—તુ શુદ્ધ બ્રહ્મ છુ તો ઇન્દ્રિયદ્વારા શા મ કરે છે.

શિષ્ય—

निमित्तं मनश्चक्षुरादि प्रवृतौ !
निरस्ताखिलोपाधिराकाश कल्पः ।
रविर्लोक चेष्टा निमित्तं यथा यः ।

स नित्योपलब्धि स्वरूपोऽह मात्मा ॥३॥

મનાદિ કહેતા મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર અને ચક્ષુઆદિ કહેતા ચક્ષુ (આંખ) ત્વક્ (ચામડી) શ્રવણ (કાન) રસના (જીભ) નાસિકા (નાક) એ પાચ જ્ઞાનેંદ્રિઓ અને વાણી, હાથ, પગ, ગુદા (મળત્યાગ સ્થાન) લિંગ (મૂત્રસ્થાન) એ પાચ કર્મેદ્રિઓ એ સર્વના વ્યાપારનું કારણ હુ છુ. જેમ જગતના વ્યાપારનુ કારણ સૂર્ય છે, કે જેના પ્રકાશવડે અનેક પ્રકારની ચેષ્ટા લોકો કરે છે, તેમ આધષ્ટાન—આત્માના પ્રકાશવડે અનેક પ્રકારની ચેષ્ટા ઇદ્રિઓ કરે છે. તે અધિષ્ટાન—સર્વનો પ્રકાશક આત્મા હુ છુ.

निमित्तं मनश्चक्षुरादिથી આત્મજ્ઞાનનો ઉપાય બતાવી હવે **निरस्तेति**થી પરમાર્થ સ્વરૂપ કહે છે.

અખિલ કહેતા સપૂર્ણ જે મન આદિના સાક્ષીપણાની ઉપાધિ છે તેથી રહિત છુ જેમ આકાશ સર્વની બાહેર અને અદર વ્યાપક છે તે કોઇને ઉપાધિરૂપ તેમજ સાક્ષીરૂપ નથી તેમ હુ પણ નિર્લિપ્ત શુદ્ધ બ્રહ્મ છુ.

ગુરૂ—મન, ચક્ષુ આદિ પ્રવૃત્તિનું અધિષ્ટાન શા માટે છે? તુ પોતેજ શા માટે નથી થતો? નિત્ય ઉપલબ્ધિ કહેતા પ્રાપ્ત સ્વરૂપ તુંજ છું તો તેઓ અધિષ્ટાતા કેવી રીતે હોઈ શકે?

શિષ્ય—જે નિત્ય બોધ સ્વરૂપ આત્માના આશ્રયભૂત મન, ચક્ષુ આદિ રહે છે તે નિત્ય આત્મા હુ છુ.

ગુરૂ—બોધ જે છે જ્ઞાન તેની ઇન્દ્રિયથી ઉત્પત્તિ થાય છે તો નિત્ય કેવી રીતે થયો? કારણ જે ઉત્પત્તિ ધર્મવાળુ છે તેનો

નાશ થાય છે. તેથી બોધ અનિત્ય છે. અને આત્મા તો નિત્ય છે ત્યારે નિત્ય અને અનિત્યની એકતા કેવી રીતે ઘટે? પ્રત્યક્ષ વિરોધ છે.

શિષ્ય—બોધ નામ છે ચૈતન્યનુ, તે ચૈતન્ય જ્ઞાતા જે છે મન અને જ્ઞાન છે ઇન્દ્રિ, જ્ઞેય જે છે ઘટાદિ વિષય તેનાથી પર તેનો સાક્ષી છે; જે સાક્ષી હોય છે તે સાક્ષ્ય પદાર્થોથી જુદો હોય છે, જેમકે ઘટ-ઘડ'-ને જોવાવાળો પોતે કદી ઘડો થતો નથી

ગુરૂ—તુ કહે છે કે આત્મા ચૈતન્ય છે તો તેનું પ્રમાણ શું?

શિષ્ય—" **तस्य भासा सर्व मिद विभाति** " **इतिश्रुते** આત્મા જગતને પ્રકાશે છે, જ્ઞાતા, જ્ઞાન અને જ્ઞેય સપૂર્ણ જડ છે. આત્માના પ્રકાશવડે સર્વ પ્રકાશે છે એ લોક પ્રસિદ્ધ છે.

ગુરૂ—ચૈતન્ય ધર્મવાળા પુરૂષ ચેતનત્વ ભાવને કેવી રીતે બરોબર કહે? કારણ કે ધર્મી ધર્મભાવથી વિરૂદ્ધ છે.

શિષ્ય—આત્માને વિષે ધર્મી ધર્મભાવ નથી. ધર્મી ધર્મ ભાવ જન્ય પદાર્થ એટલે ઉત્પત્તિ થવાવાળા પદાર્થોમાં હોય છે. જેમ ઘડો જળ ધારણ ધર્મવાળો છે. પટ-લુગડું શિત-કુષ્ણ નિવારણ ધર્મવાળું છે તેથી જે ભિન્ન પદાર્થ છે તેમાં ધર્મી ધર્મભાવ હોય છે. આત્મા પોતે ભિન્ન અને અભિન્ન ભાવવાળો નથી જેમકે—સફેદીનો સફેદ ધર્મ હોતો નથી તેમ ચેતનતા આત્માનો ધર્મ નથી. ચૈતન્ય સ્વભાવજ આત્માનો છે એટલા માટે નિત્ય બોધરૂપ આત્મા સિદ્ધ છે તેનું દ્રષ્ટાંત કહે છેઃ—

यमग्न्युष्णवन्नित्य बोध स्वरूपम् ।

मनश्चक्षुरादीन्य बोधात्म कानि ॥
प्रवर्तंत आश्रित्य निष्कंप मेकम् ।
सानित्योपलब्धि स्वरूपोऽहमात्मा ॥४॥

જેમ ઉષ્ણતા અગ્નિનો સ્વભાવ છે તે અગ્નિથી બીલકુલ ભિન્ન નથી તેમ ચેતનતા આત્માનો સ્વભાવ છે તે આત્માથી કદિ જુદો નથી.

निरंशत्वाद्विभुत्वाच्च तथाऽनश्वर भावतः ।
ब्रह्मव्योम्नोरभेदोऽस्ति चैतन्यं ब्रह्मणोऽधिकम् ॥

આત્મા નિરંશ છે, અને બ્યાપક છે, નાશ રહિત છે, બ્રહ્મ અને આકાશમા ભેદ નથી પરંતુ ચેતનતા બ્રહ્મમા અધિકતા છે અને આપે જે પ્રથમ પુછ્યુ હતુ કે ઇન્દ્રિઓ આધિષ્ટાતા વિના પોતેજ કેમ રહેતી નથી તો તેના ઉત્તરમા अबोधात्म कानिति એથી કહે છે કે-મનઆદિ સંપૂર્ણ અબોધ કહેતા જડ છે, ઘટાદિ વત્-ઘડાની માફક-તેટલા માટે ચેતનને આસરે રહે છે તે વિષયની માફક જ્ઞેય (જાણવા યોગ્ય) છે અને આત્મા તેનો જ્ઞાત (જાણવાવાળો) છે. આત્મા સિવાય બીજો કોઇ દ્રષ્ટા નથી તે માટે શ્રુતિ પણ કહે છે કે-" नान्योऽतोऽस्ति द्रष्टा " આત્મ સિવાય અન્ય કોઇ દ્રષ્ટા નથી. એ શ્રુતિ વચનથી નિષ્કંપ કહેતા સંશય રહિત છે. " एक मेवा द्वितीय ब्रह्म " એ શ્રુતિ પણ એજ કહે છે.

(હવે ગુરૂ પુન શિષ્યની પરિક્ષા નિમિત્તે સુખ દુઃખ આદિની વ્યવસ્થાથી આત્મા એક પ્રતિત થતો નથી એમ શંકા કરીને કહેછે.)

ગુરૂ—જો સર્વ શરીરમા એકજ આત્મા હોત તો એકના સુખ દુ ખથી સર્વ સુખી દુ.ખી થાત, એકના જણાવાથી સર્વ જણાત, એકના જન્મવા અને મરવાથી સર્વ જન્મતે મરતે, એકના બંધનથી સર્વને બંધન થાત અને એકની મુક્તિથી સર્વની મુક્તિ થાત. એ કારણથી આત્મા એક નથી પણ અનેક છે ?

(ગુરૂએ શંકા કરી પુછ્યુ તેનો ઉત્તર શિષ્ય પોતાના અનુભવ પ્રમાણે આપે છે)

શિષ્ય—मुखाभासको दर्पणे दृश्यमाने ।
मुखत्वात्पृथक्त्वेन नैवास्ति वस्तु ॥
चिदाभासको धीषु जीवोऽपि तद्वत् ।
स नित्योपलब्धि स्वरूपोऽहमात्मा ॥५॥

જેમ મુખાભાસ જે છે મુખની છાયા તે દર્પણમા પડીને અનેક પ્રકારની પ્રતીત થાય છે, અને મુખ જે છે પરમાર્થ સ્વરૂપ તેમા કોઇ તરેહનો ફેરફાર થઇ શકતો નથી.

આ મુખાભાસ કેવળ ભ્રમ છે કોઇ બીજી વસ્તુ નથી, અને છાયા જે મુખથી જુદી માલમ પડે છે તે કોઇ તરેહનો મુખમાં ફેરફાર કરી શકતી નથી. તેવી રીતે ઉપાધિગત મલિન સત્વ આદિ ધર્મવડે કરીને મલિન ધર્મ પ્રતીત થાય છે. એ પ્રકારે મુખાભાસ મુખની છાયા—ની માફક આત્માની છાયા બુદ્ધિમાં જણાય છે તેને

જીવ કહે છે. તે આત્માજ હુ પોતે છુ. ઉપાધિ ભેદવડે કરીને જીવ ભિન્ન પ્રતીત થાય છે. અને ઉપાધિગત સુખ દુ.ખ આદિ અત કરણ–બુદ્ધિ–મા પ્રતિત થાય છે તે ઉપાધિગત વ્યવસ્થા રૂપ સુખ દુઃખ આદિ એક આત્મામાં માનવા એ અયુક્ત છે. આત્મામા ભેદ વ્યવસ્થા નથી કારણકે एक मेवा द्वितीयं ब्रह्म એ શ્રુતિ એકજ આત્માને પ્રતિપાદન કરે છે.
(વળી ગુરૂ કહે છે કે–)

ગુરૂ—આત્મામા સુખ દુ ખ સબધ નથી એ ધારો કે સત્ય છે તો પછી તેમાં બધન પણ નથી અને બધન નથી તો મોક્ષ પણ નથી, મોક્ષ નથી તો પછી તેને માટે યત્ન કરવો મિથ્યા છે. બંધનવાળાને મોક્ષની ઇચ્છા છે જ્યારે બધન નથી તો મોક્ષ ક્યાંથી અને ચિદાભાસને તો તુ મિથ્યા ભ્રમ કહે છે અને તેથી તે કુવસ્તુ થઇ. કુવસ્તુમા બધ મોક્ષ કહેવો એ અયુક્ત છે અને બુદ્ધિ પણ નાશમાન જડ છે જડને બધ મોક્ષ કહેવો એ કેવળ અસભવ છે તો મોક્ષશાસ્ત્ર ખોટુ ઠર્યું અને મોક્ષશાસ્ત્રના અસત્ય થવાથી ગુરૂ પણ જુદા થયા તો એ બાબતમા તુ શુ કહે છે ’

શિષ્ય--यथा दर्पणा भाव आभाम हानौ ।
मुखं विद्यते कल्पनाहीन मेकम् ॥
यथाधीवियोगे निराभामकोयः ।
सानित्योपलब्धि स्वरूपोऽहमात्मा ॥८॥

જેમ દર્પણના અભાવથી જ્યારે મુખના પ્રતિબિંબનો અભાવ

થાય છે ત્યારે મુખ જે છે પરમાર્થ તે મિથ્યા અજ્ઞાનથી રહિત એકજ પ્રતિત થાય છે તેમ ધી વિયોગે કહેતા બુદ્ધિના અભાવથી નિરાભાસક કહેના પ્રતિબિંબથી રહિત ચિદાનંદ એકજ બંધ મોક્ષ થી રહિત પ્રતિત થાય છે તે ચિદાનદ આત્મા હુ છુ.

આત્મામા અજ્ઞાનવડે કરીને બુદ્ધિ આદિ પ્રપંચ પ્રતિત થાય છે, ત્યા બુદ્ધિમા પ્રતિબિંબરૂપ જે બધ છે તે રજ્જુ સર્પની માફક આત્મામા મિથ્યા આરોપ છે, તેમા જે સુખ દુખ થાય છે તેને આત્મા વિષે થયેલુ માને છે, તે વા અધ્યાસ કહેતા આરોપરૂપ બધન છે તે અજ્ઞાનની નિવૃત્તિ આત્મજ્ઞાન વડે કરીને થાય છે અજ્ઞાનની નિવૃત્તિ થયે બુદ્ધિ આદિ પ્રપચની નિવૃત્તિ થાય છે પ્રપંચની નિવૃત્તિ થયે અધ્યાસની નિવૃત્તિ થાય છે. અધ્યાસના નિવૃત્ત થયે મોક્ષ થાય છે તે અધ્યાસની નિવૃત્તિને માટેજ શાસ્ત્ર અને ગુરૂની જરૂર છે બાકી આત્મામા કાંઇ બંધ મોક્ષ નથી પાતે મોક્ષરૂપજ છે વળી કેટલાક દેહ આદિને આત્મા માને છે તો તેને માટે પણ કહ્યુ છે કે —

मनश्चक्षुरादे र्नियुक्तः स्वयंयो ।
मनश्चक्षुरादे र्मनश्चक्षुरादिः ॥
मनश्चक्षुरादे रगम्य स्वरूपः ।
स नित्योपलब्धि स्वरूपोऽहमात्मा ॥७॥

આત્મા જે પોતે પ્રકાશક છે તે મન, ચક્ષુ આદિથી નિયુક્ત કહેતા જુદો છે, તે આત્મા હુ છુ અને મન ચક્ષુ આદિ ઉપા·

દાનથી તેની અંતર્ગત શરીર પણ જુદું છે જેમ મન ચક્ષુ આદિ અપ્રકાશરૂપ જડ છે જેનો પ્રકાશક આત્મા છે તે મન ચક્ષુ આદિથી જુદો છે, પરંતુ ગુણના યોગથી તેનો પ્રકાશક છે. જેમ બહારના ઘટ–પટાદિકનો પ્રકાશક કે જે હું છું તે તેનાથી જુદો છું તેમ અંદરના મન ચક્ષુ આદિનો પ્રકાશક હું તે પણ તેનાથી જુદો છું એવો નિશ્ચય કરવો અને મન, ચક્ષુ આદિ અનાત્મ છે એ પ્રસિદ્ધ છે. જેયથી જ્ઞાતા હંમેશ જુદો હોય છે.

ગુરૂ—આત્મા પણ જેય છે તો તે અનાત્મ થયો ?

શિષ્ય—**मनश्चक्षुरादे रगम्य स्वरूप**· એમા કહ્યું છે કે મન, ચક્ષુ આદિઓ અગમ્ય છે, કહેતા મન, ચક્ષુ આદિ આત્માને જાણવાને સમર્થ નથી.

ગુરૂ—જ્યારે આત્માને મન, ચક્ષુ આદિ નથી જાણી શકતા તો તેની સિદ્ધિ કેવી રીતે થશે ? જેમ ઘટ–પટાદિની સિદ્ધિ મન, ચક્ષુને આધિન છે. કારણ કે સંપુર્ણ પદાર્થનો એ દ્રષ્ટા છે, તેમ આત્માની સિદ્ધિ પણ તેને આધિનજ હોવી એ ઠીક કહેવાય અને જો તેને આધિન આત્માની સિદ્ધિ ન માનશો તો પછી તેની સિદ્ધિ થવી શશલાના સીંગડાની માફક જુઠી થશે

શિષ્ય-एको विभाति स्वतःशुद्धचेताः ।
प्रकाश स्वरूपोऽपिनानेवधीषु ॥
शरावोदकस्थो यथाभानुरेकः ।
सनित्योपलब्धि स्वरूपोऽहमात्मा ॥८॥

આત્મા સ્વત સિદ્ધ છે (એક કહેતા અદ્વિતિય વિભાતિ એટલે પ્રકાશે છે) વિશેષ કરીને પોતાના પ્રકાશને માટે કોઇ બીજાની જરૂર નથી. શુદ્ધ કહેતા નિર્મળ છે ચિત્ત જેનું, એવાના ચિત્તમા આત્મા સ્વત કહેતા પોતેજ પ્રકાશે છે તેટલા માટે શુદ્ધ સત્વની પ્રાપ્તિને માટે વેદ વિહિત કર્મો અવશ્ય કરવા જોઇએ, તે માટે શ્રુતિ સ્મૃતિ પણ કહે છે કે —

तमेतंवेदानुवचनेन ब्राह्मणाविविदिषन्ति ।
यज्ञेन दानेन तपसा नाशकेन ॥ इति श्रुतेः ॥

પાપોને નાશ કરવાવાળા યજ્ઞવડે, દાનવડે, તપવડે આત્મા પ્રકાશે છે તેઓને વેદ વચનવડે બ્રાહ્મણો વિવેચન કરે છે.

यज्ञोदानं तपश्चैव पावनानिमनीषिणाम् ॥
इति स्मृतेः

યજ્ઞ, દાન, ને તપ તે બુદ્ધિશાળીઓને પાવન કરનારા છે,

જેમ ઘટપટાદિ જડ છે તે પોતાના પ્રકાશને માટે બીજાની ઇચ્છા કરે છે, કારણ પોતે પરપ્રકાશ્ય છે તેમ આત્મા સ્વપ્રકાશ રૂપ છે માટે બીજાના પ્રકાશની તેને જરૂર નથી. (દ્રષ્ટાંત તરીકે–**सूर्य प्रकाशवत्** સૂર્યના પ્રકાશની માફક) એવુ જ્ઞાન ઉત્પન્ન થયે જીવન મુક્ત થાય છે પ્રકાશરૂપ આત્મા છે અને પરમાર્થ રૂપ પણ છે, અદ્વૈત છે. પરંતુ અનેક પ્રકારની બુદ્ધિની ઉપાધિથી તે અનેક પ્રકારનો થાય છે તે આત્મા હુ છુ

ગુરૂ—જીવનમુક્ત કોને કહે છે? દેહવાળાને કે દેહ વગરના-ને? જો તુ કહેતો હોય કે મનુષ્ય જીવતાજ મુક્ત થાય છે તો એમાં મોટો વિરોધ આવશે. કારણુ કે જીવતાને મુવેના માનવા એ અ-સંભવ છે.

શિષ્ય—એટલુ તો ખરૂ છે કે દેહના ભોગ ભોગવાઇ ગયાથી તેની મુક્તિ થાય છે એ યથાર્થ નથી, કારણુ કે સર્વ ભો-ગોનુ કારણ સૂક્ષ્મ અને સ્થૂળ શરીર છે. તો તેઓની હયાતિ છતાં ભોગનો અભાવ થવો એ અસંભવ છે પરતુ મિથ્યા અજ્ઞાનરૂપી જે બધન છે તે પણુ એક પ્રકારના ભોગ છે, જે સમ્યક—સારૂ ઉત્તમ-જ્ઞાન થવાથી નિવૃત્ત થાય છે. તેના નિવૃત્ત થવાથી ભોગની પણુ નિવૃત્તિ થાય છે જેમ મિથ્યા અજ્ઞાનથી બે ચંદ્રમાનું દેખાવુ નેત્રના દોષથી પ્રતિત થાય છે. અને તે દોષ દૂર થયે જ-ણાતુ નથી તેમ મિથ્યા અજ્ઞાનરૂપી બુદ્ધિદોષ નાશ થવાથી મિથ્યા શરીરનુ ભાન થતુ નથી અને રાજા જનકાદિ વિવેકી પુરૂષોને રાજ—કાજ કરતા સાભળ્યા છે. અને શ્રુતિ પણ દેહવાનને અથવા જીવતાનેજ ભોગનો નાશ થાય છે એમ કહેતી નથી.

नहवैसशरीरस्य सतः प्रियाप्रिययोरपहतिरस्ति ।
अशरीरं वावसंतं न प्रियाप्रिये स्पृशतः ॥
इति श्रुतेः ॥

એનો અભિપ્રાય એ છે કે —દેહવાનને શત્રુ તથા મિત્રનો અભાવ થતો નથી અને મારે કોઇ શત્રુ મિત્ર નથી એમ પણ

થતુ નથી, માટે જીવનમુક્ત કહેવો અયુક્ત છે તો તેને માટે કહ્યુ છે કે—જીવતાજ પુરૂષને તત્વજ્ઞાન થાય છે. મરેલાને તત્વજ્ઞાન થયું એમ આજદિન સુધીમાં કોઇને સાભળ્યુ નથી અને જ્ઞાનપ્રાપ્તિનું સાધન જે શમ–દમ, શ્રવણુ, મનાદિ છે તે મુડદાને માટે અસંભવ છે. યાજ્ઞવલ્કયાદિ સંન્યાસીઓ કે જેઓ મુક્ત થઇ ગયા છે તેમને મરેલા કોઇ કહેતું નથી અને મરણુને સન્યાસનો અસંભવ છે, માટે જીવતા છતાજ તત્વજ્ઞાનની ઉત્પત્તિ થાય છે, મરેલાને નહિ એ સિદ્ધ થયુ.

આત્મજ્ઞાનથી મુક્તિ થાય છે તે કહે છે —

सहयोहवैतत्परमं ब्रह्म वेद ब्रह्मैव सन् ब्रह्माप्येति ब्रह्मविदाप्नोति परम् ॥ ઇત્યાદિ શ્રુતિ છે

તે કહે છે કે—જીવતાજ પરમબ્રહ્મને જાણે છે અને બ્રહ્મને જાણવાવાળો પોતેજ બ્રહ્મ છે, બ્રહ્મને જાણવાવાળાને પરમ્ કહેતા પરમાત્મા પ્રાપ્ત થાય છે, જ્ઞાન સિવાય બીજા કર્મોથી મોક્ષ થાય છે એમ શ્રુતિ કહેતીજ નથી, કેવળ જ્ઞાનથીજ મુક્તિ થાય છે એમ પોકારીને કહે છે.

भिद्यते हृदय ग्रंथिश्छिद्यंते सर्व संशयाः ।
क्षीयंते चास्य कर्माणि तस्मिन्दृष्टे परावरे ॥
इति श्रुतेः ॥

પર કહેતાં ઈશ્વર અને અવર કહેતાં જીવ તેનું રૂપ જાણવાવાળા પુરૂષની હૃદયગ્રંથિનું ભેદન કહેતાં હૃદયની અંદર પડેલી ગાઠ તુટી જાય છે અને તેના સંપૂર્ણ સંશયો નાશ પામે છે અને તેના સંચિત, તથા ક્રિયમાણ કર્મોનો ક્ષય થાય છે.

બીજી પણ શ્રુતિ કહે છે કે—

तमेव विदित्वाति मृत्युमेति नान्यः पन्था विद्यतेऽयनाय ॥

તે પરમાત્માને જ્ઞાનવડે કરીને જાણે તો મૃત્યુને તરી જાય છે તે સિવાય પાર પામવાને બીજો કોઇ માર્ગ નથી

ગુરૂ—શ્રુતિ તો કહે છે કે મરેલાને જ્ઞાનથી મુક્તિ થાય છે. જ્યાં સુધી જીવતો હોય ત્યાં સુધી તેની મુક્તિ નથી.

तस्य तावदेव चिरं यावन्न विमोक्षे अथ संपत्स्यते ॥ इति श्रुतेः ॥

જ્યાં સુધી પ્રારબ્ધ ક્ષય થતો નથી ત્યાં સુધી મુક્તિ થતી નથી અને પ્રારબ્ધનું નામજ સ્થૂળ શરીર છે।

શિષ્ય—હે ગુરૂ મહારાજ! જો લાંબા કાળથી જ્ઞાનનો અભ્યાસ ન કર્યો હોય તો મરણ વખતે એકદમ જ્ઞાન શી રીતે દ્રઢ થઇ શકે? એટલા માટે પ્રથમજ જ્ઞાન થઇને મુક્તિ થાય છે જીવતાજ વિવેકી પુરૂષો હર્ષ શોકથી રહિત થાય છે અને જો મર-

ણુથીજ મુક્તિ સિદ્ધ હોત તો જીવતાં માણસો શા માટે તેને મેળવવા યત્ન કરત ?

ગુરૂ—પ્રથમ તે શ્રુતિ પ્રમાણુવડે જણાવ્યુ કે જીવતાને શત્રુ મિત્રનો અભાવ થતો નથી તો તે શ્રુતિ અને ઉપરના વચન વચ્ચે વિરોધ આવ્યો ?

શિષ્ય—શ્રુતિ વિરોધ અર્થ જણાવતીજ નથી. ફક્ત સમજવામાંજ વિરોધ છે. શ્રુતિનુ તાત્પર્ય એ છે કે જ્યાં સુધી પ્રારબ્ધ ક્ષય થતો નથી ત્યા સુધી વિદેહ મુક્તિ થતી નથી. મુક્તિ તો સ્વાભાવિકજ છે. કાંઈ જ્ઞાનથી નવી ઉત્પન્ન થતી નથી. જ્ઞાનથી તો અવિદ્યારૂપી અંધકાર નાશ થયે પ્રારબ્ધ ભોગબંધન કરી શકતા નથી કોઇ એમ પણ કહે છે કે જેમ પક્ષી બે પાખાડે કરીને ઉડે છે તેમ જ્ઞાન અને કર્મ એ બેથી મુક્તિ થાય છે માત્ર એકથી થતી નથી. તો તેઓ શ્રુતિનો તાત્પર્ય બરોબર સમજતા નથી. કેવળ પોતાની મૂર્ખતાથીજ કહે છે. કારણકે દેહનો અહંકાર દૂર થવાથીજ જ્ઞાનની સિદ્ધિ થાય છે. દેહના અહંકારથી કર્મની વૃદ્ધિ થાય છે એ બે વાતો એકમા શી રીતે ઘટી શકે ? અને કર્મ વડે મળેલી મુક્તિ સ્વર્ગની માફક અનિત્ય—નાશમાન—થઇ જશે.

पुण्ये छिन्ने मृत्युलोके विशन्ति ।
तद्यथेह कर्मचितो लोकः क्षीयंते ॥
इति श्रुतेः ॥

જેવી રીતે આ લોકમા કર્મથી ભ્રષ્ટ થયેલો માણસ ક્ષય પામે છે તેવી રીતે પુણ્યના ક્ષય થવાથી તેઓ મૃત્યુ લોકમા પાછા આવે છે તેટલા માટે કેવળ જ્ઞાનથીજ મુક્તિ થાય છે એ સિદ્ધ થયું.

ગુરૂ—જેમ એક ઘોડેશ્વારથી અનેક ઘોડાઓ ઉપર સ્વારી કરી શકાતી નથી, તેમ એક આત્મા અનેક બુદ્ધિમા રહી શકતો નથી અને જો તે અનેક બુદ્ધિમા રહી શકે છે એમ કહો તો આત્મા અનેક થશે ?

શિષ્ય-यथानेक चक्षुः प्रकाशो रविर्न ।
क्रमेण प्रकाशी करोति प्रकाश्यम् ॥
अनेकाधियो यस्तथैक प्रबोधः ।
मनित्योपलब्धि स्वरूपोऽहमात्मा ॥९॥

જેમ પ્રકાશક જે છે સૂર્ય તે અનેક નેત્રોને એકી વખતે પ્રકાશ કરે છે તે કાંઇ ક્રમથી એટલે એક નેત્રને આજ પ્રકાશ કર્યો, બીજાને બીજે દિવસે, અને ત્રીજાને ત્રીજે દિવસે એમ કાંઇ નથી સઘાને એકી વખતેજ પ્રકાશે છે એવીજ રીતે એક પ્રમોત્ર કહેતા એક ચેતન અધિષ્ઠાતા અનેક બુદ્ધિઓને એક સાથેજ પ્રકાશે છે. ક્રમથી નહિ

ગુરૂ—જ્યારે સૂર્યજ સર્વ ઇન્દ્રિઓ અને બુદ્ધિઓને પ્રકાશે છે તો પછી આત્માનુ શુ પ્રયોજન છે ? અને વેદમા પણ કહ્યુ છે કે-धियोयोनः प्रचोदयात् જે (સૂર્યનુ તેજ) અમારી

બુદ્ધિને (ધર્મ-અર્થ-કામ અને મોક્ષમા) પ્રેરે છે અર્થાત્ જે અમારી બુદ્ધિને એ ચારે પુરૂષાર્થોમા યથાયોગ્ય વિજય મેળવી શકાય એવુ સામર્થ્ય આપે છે ?

શિષ્ય-विवस्वत्प्रभातं यथारूपमक्षम् ।
प्रगृह्णातिनाभातमेवं विवस्वान् ।
तथाभात आभासयत्यक्षमेकः ।
मनित्योपलब्धि स्वरूपोऽहमात्मा ॥१०॥

જેમ વિવસ્વત્ કહેતા સૂર્ય તે જો પ્રાત કાળમાં પ્રકાશે તોજ નેત્ર રૂપને ગ્રહણ કરે છે અને ન પ્રકાશે તો અધકાર દૂર થતો નથી અને તેથી ઘટાદિ પદાર્થો કાઇ સૂજતા નથી, તેમ અધિષ્ટાન જે પ્રકાશરૂપ છે તે સર્વ બુદ્ધિઓનો પ્રકાશક છે સૂર્ય પણ નેત્રાના અધિષ્ટાતા છે તેમ નેત્ર રૂપી સર્વ બુદ્ધિઓનો પ્રકાશ જે સૂર્ય તે હુ છુ

ગુરૂ—આત્માને પણ પોતાના પ્રકાશ માટે બીજાની સહાયતાની જરૂર છે કે નહિ ?

શિષ્ય-यथासूर्यएकोऽप्स्वनेकश्चलासु ।
स्थिरा स्वप्यनन्वाग्वि भाव्य स्वरूपः ॥

चलासु प्रभिन्ना सुधीष्वेकएवम् ।
सनित्योपलब्धि स्वरूपोऽहमात्मा ॥११॥

આત્માનો પ્રકાશક બીજો કોઇ નથી. આત્મા સિવાય સૂર્ય, ચંદ્ર આદિ સર્વ પરપ્રકાશ્ય છે. આત્માના પ્રકાશવડે સર્વ પ્રકાશે છે. " **नान्योऽतो द्रष्टा** " એ શ્રુતિ પણ કહે છે કે આત્મા સિવાય બીજો કોઇ દ્રષ્ટા નથી જેમ એક અને સ્થિર સૂર્ય તે અનેક જળ કહેતા અનેક પ્રકારના જળથી ભરેલા પાત્રમાં પ્રતિબિંબ રૂપે પ્રકાશે છે પરંતુ જળથી ભિન્ન સૂર્ય આકાશમાં ઉદય થયેલો હોય છે, ભ્રાંતીવડે જળમાં સૂર્ય છે એમ પ્રતિત થાય છે તેમ એક આત્મા અનેક પ્રકારની બુદ્ધિમાં પ્રતિબિંબ રૂપે પ્રકાશે છે પરંતુ બુદ્ધિથી આત્મા ભિન્ન છે ભ્રાંતીવડે કરીને બુદ્ધિના ધર્મ આત્મામા પ્રતિત થાય છે જેમકે—

घनच्छन्नदृष्टिर्घनच्छन्नमर्कम् ।
यथामन्यते निःप्रभं चाति मूढः
तथाबद्धवद्भाति यो मूढ द्रष्टेः ।
सनित्योपलब्धि स्वरूपोऽहमात्मा ॥१२॥

ઘનચ્છન્ન કહેતા વાદળાથી ઢંકાઇ છે દ્રષ્ટિ જેની તે પુરૂષ સૂર્યને વાદળાથી ઢંકાયલો માને છે. અર્થાત્ પ્રકાશરૂપ સૂર્યને મૂર્ખ અપ્રકાશરૂપ માને છે, તેમ અવિદ્યાથી ઢંકાઇ છે બુદ્ધિ જેની એવા

મહા મૂર્ખ તે બુદ્ધિના ધર્મ જે સુખ દુઃખાદિ છે તેને આત્માને વિષે માની કરીને કહે છે કે–" હુ સુખી છુ, હુ દુખી છુ." જે અબદ્ધ આત્મા મૂર્ખને બદ્ધવત્ પ્રતિત થાય છે તે આત્મા હુ છુ.

स्मस्तेषु वस्तुष्वनु स्यूतमेकम् ।
समस्तानि वस्तूनि यन्नस्पृशन्ति ॥
वियद्वत्सदा शुद्धमक्षस्वरूपम् ।
सनित्योपलब्धि स्वरूपोऽहमात्मा ॥१३॥

સપૂર્ણ પ્રપચ માત્ર એક અદ્વૈત આત્મામાં માળાના મણકાની માફક પરોવાયલો છે. પરતુ સર્વ પ્રપચમા આત્મા કદિ લેપાયમાન થતો નથી પણ તેથી જુદો રહે છે આકાશની માફક શુદ્ધ, નિર્મળ, રાગ દ્વેષ આદિથી રહિત સ્વચ્છ સ્વરૂપ જે એક પરબ્રહ્મ છે તે આત્મા હુ છુ

પોતાના શિષ્યનો ઉત્તમ પ્રકારનો અનુભવ સાંભળી ગુરૂ પોતે ઘણા પ્રસન્ન થયા અને તેની બુદ્ધિમા અપરોક્ષ જ્ઞાનની સ્થિરતા માટે છેવટનો ઉપદેશ કરે છે —" હે શિષ્ય જેમ ઉપાધિથી સ્ફાટિકાદી શુદ્ધ મણીમા લાલ, પીળો, કાળો આદિ રંગ જણાય છે તેમ તારી ભેદ બુદ્ધિથી અનેક પ્રકારનો ભેદ આત્મામા તને પણ પ્રતીત થાય છે. પરમાર્થ સ્વરૂપમા ભેદ બીલકુલ નથી. બુદ્ધિની ઉપાધિથી ભેદ પ્રતિત થાય છે જેમ જળમા પ્રતિબિબ રૂપે જણાતો ચદ્ર જળની માફક ચચળ પ્રતિત થાય છે તેમ

બુદ્ધિ ભેદથી તારામા ચચળતા પ્રતિત થાય છે. પરમાર્થ દ્રષ્ટિથી તારામા તે ત્રણે કાળમા નથી જેમ વેદ દ્રષ્ટિથી તેં અગીકાર કરી લીધુ કે સૂતક આદિથી સૂતકી થયો હતો હવે શુદ્ધ થયો છુ તેવીજ રીતે "**अयमात्माब्रह्म**" એ શ્રુતિ પણ શુદ્ધ આત્મતત્વનો ઉપદેજ કરે છે તા તે ઉપદેશથી સૂતકની માફક તુ પોતેજ સાક્ષી બ્રહ્મ છુ એમ અગીકાર કરી તથા વાદવિવાદને છોડી દઈ **તું પોતે પોતામાં સ્થિત થઈ જા.**

॥ इति शिवम् ॥

॥ अथ श्री ॥

॥ब्रह्मनामावली प्रारभ्यते॥

॥ श्रीगणेशाय नमः ॥

॥ ॐ तत्सत् ब्रह्मणे नमः ॥

सकृच्छ्रवणमात्रेण ब्रह्मज्ञानंयतोभवेत् ।
ब्रह्मज्ञानावलीमाला सर्वेषां मोक्षसिद्धये ॥१॥

બ્રહ્મજ્ઞાનાવલીમાલા સર્વેના મોક્ષની સિદ્ધિને માટે છે જેથા (તેના) એકવાર શ્રવણ માત્રવડે કરીને (મુમુક્ષુઓને) બ્રહ્મ-જ્ઞાન થાય

असंगोऽह मसंगोऽह मसंगोऽहं पुनः पुनः ।
सच्चिदानंदरूपोऽह महमेवाह मव्ययः ॥२॥

હું અસંગ (નિર્લેપ) છું, હું અસંગ છું, પુનઃ પુનઃ હું અસંગ છું, હું સચ્ચિદાનંદરૂપ છું, હુંજ હું અવિનાશી છું

नित्य शुद्ध विमुक्तोहं निराकारोऽहमव्ययः ।
भूमानंद स्वरूपोऽहं महमेवाह मव्ययः ॥३॥

હુ નિત્ય શુદ્ધને અત્યત મુક્ત છુ, નિરાકાર છુ, હુ અવિ-
કારી છુ, હું પૂર્ણાનંદ સ્વરૂપ છુ, હુજ હુ અવિનાશી છુ.

नित्योऽहं निरवद्योऽहं निराकारोऽहमच्युतः ।
परमानन्दरूपोऽह महमेवाह मव्ययः ॥४॥

હુ નિત્ય છુ, હુ નિર્દોષ છુ, હુ નિરાકાર છુ. હુ અચ્યુત
છુ, હુ પરમાનંદ સ્વરૂપ છુ, હુજ હુ અવિનાશી છુ

शुद्ध चैतन्यरूपोऽह मात्मारामोऽहमेवच ।
अखंडानंद रूपोऽह महमेवाह मव्ययः ॥५॥

હુ શુદ્ધ ચૈતન્યરૂપ છુ, અને હજ આત્મામા રમણ કરનારો
છુ, હુ અખડાનંદરૂપ છુ, હુજ હુ અવિનાશી છુ.

प्रत्यक् चैतन्य रूपोऽहं शांतोऽहं प्रकृतेः परः ।
शाश्वतानंद रूपोऽह महमेवाह मव्ययः ॥६॥

હુ પ્રત્યક્ ચૈતન્યરૂપ છુ, હુ શાન્ત છુ, હુ પ્રકૃતિથી પર છુ,
હુ શાશ્વત આનંદરૂપ છુ, હુજ હુ અવિનાશી છુ

तत्त्वातीतः परात्माहं मध्यातीतः परः शिवः ।
मायातीतः परंज्योतिरह मेवाह मव्ययः ॥७॥

મહત્તત્ત્વાદિ તત્ત્વોથી પર પરમાત્મા હું છું, હું મધ્યમા પ્ર-તીત થતા સંસારથી પર ઉત્કૃષ્ટ મંગળરૂપ છું, માયાથી પર પર-મજ્યોતીરૂપ છું, હુંજ હું અવિનાશી છું

नामरूप व्यतीतोऽहं चिदाकारोऽहमच्युतः
सुखरूप स्वरूपोऽह महमेवाह मव्ययः ॥८॥

હું નામરૂપથી અત્યંત પર છું, હું ચૈતન્યરૂપ છું, હું અચ્યુત છું, હું સુખસ્વરૂપ છું, હુંજ હું અવિનાશી છું.

मायातत्कार्य देहादि ममनास्त्येव सर्वदा ।
स्वप्रकाशैकरूपोऽह महमेवाहं मव्यगः ॥९॥

માયાને તેના કાર્ય દેહાદિ સર્વદા મારાં નથીજ, હું કેવળ સ્વપ્રકાશરૂપ છું, હુંજ હું અવિનાશી છું.

गुणत्रय व्यतीतोऽहं ब्रह्मादीनांचसाक्ष्यहम् ।
अनंतानंतरूपोऽह महमेवाह मव्ययः ॥१०॥

હું ત્રણ ગુણથી અત્યંત રહિત છું, હું બ્રહ્મા આદિનો સાક્ષી છું, હું દેશકાળ વસ્તુના પરિચ્છેદથી રહિત છું, હુંજ હું અવિ-નાશી છું.

अंतर्यामि स्वरूपोऽहं कूटस्थः सर्वगोऽस्म्यहम् ।
परमात्म स्वरूपोऽह महमेवाह मव्ययः ११॥

હુ અંતર્યામિ સ્વરૂપ છુ, હુ કૂટસ્થ (લૂહારની એરણની પેઠે નિર્વિકાર) છુ, હું સર્વ વ્યાપક છુ, હુ પરમાત્મ સ્વરૂપ છુ, હુંજ હું અવિનાશી છુ.

निष्कलोऽहं निष्क्रियोऽहं सर्वात्माद्यः सनातनः।
अपरोक्ष स्वरूपोऽह महमेवाह मव्ययः ॥१२॥

હુ પ્રાણાદિકલા રહિત છુ, હુ ક્રિયા રહિત છુ, હુ સર્વનો આત્મા, આદ્ય અને સનાતન છુ, હુ અપરોક્ષ સ્વરૂપ છુ, હુંજ હુ અવિનાશી છુ.

द्वंद्वादि साक्षिरूपोऽह मचलोऽहं सदोदितः ।
सर्व साक्षि स्वरूपोऽह महमेवाह मव्ययः ॥१३॥

હુ (માન અપમાન આદિ) દ્વદ્વોનો સાક્ષી છુ, હું અચલ છુ, હુ સર્વદા પ્રકાશમાન છુ, હુ સર્વ સ્થાવર જગમના સાક્ષી-રૂપ છુ, હુંજ હુ અવિનાશી છુ

प्रज्ञान घन एवाहं विज्ञान घन एवच ।
अकर्त्ताह मभोक्ताऽह महमेवाह मव्ययः ॥१४॥

હું અજ્ઞાનઘનજ છું, હું વિજ્ઞાનઘનજ છું, હું અકર્ત્તા છું, હું અભોક્તા છું, હુંજ હું અવિનાશી છું.

निराधार स्वरूपोऽहं सर्वाधारोऽहमेवच ।
आप्तकाम स्वरूपोऽह महमेवाह मव्ययः ॥१५॥

હું નિગધાર સ્વરૂપ છું, હુંજ સર્વના આધારરૂપ છું, હું આપ્તકામ સ્વરૂપ છું, હુંજ હું અવિનાશી છું.

तापत्रय विनिर्मुक्तो देहत्रय विलक्षणः ।
अवस्थात्रय साक्ष्यस्मिचाह मेवाह मव्ययः ॥१६॥

હું ત્રણ તાપથી અત્યંત મોકળો છું, હું ત્રણ શરીરથી અત્યંત વિલક્ષણ છું. હું ત્રણ અવસ્થાનો સાક્ષી છું, હુંજ હું અ-વિનાશી છું.

दृक्दृश्यौ द्वौपदार्थौस्तः परस्पर विलक्षणौ ।
दृक्ब्रह्म दृश्यं मायेति सर्व वेदांत डिंडमः ॥१७॥

દ્રષ્ટા ને દ્રશ્ય એવા બે પદાર્થ (આ વિશ્વમાં) છે, જે પરસ્પરમાં વિપરીત લક્ષણવાળા છે, તેમાં દ્રષ્ટા બ્રહ્મ છે, ને દ્રશ્ય માયા છે આ સર્વ વેદાંતનો ડંકો છે.

अहं साक्षीतियो विद्या द्विविच्यैवं पुनःपुनः ।
सएवमुक्तः सोविद्वानिति वेदांत डिंडिमः॥१८॥

આ દ્રસ્યને પુનઃ પુનઃ પોતાથી પૃથક કરીને "હુ સાક્ષીછુ" એમ જે જાણે છે, તેજ મુક્ત છે અને આજ જ્ઞાની છે એવો સર્વ વેદાતનો ડંકો છે.

घटकुडयादिकं सर्वं मृत्तिका मात्र मेवच ।
तद्ब्रह्म जगत्सर्व मिति वेदांत डिंडिमः ॥१९॥

ઘડો ને ભીંત આદિક સર્વ માત્ર માટીજ છે તેમ સર્વ જગત નામ રૂપનો બાધ કરતા બ્રહ્મજ છે, એવો સર્વ વેદાતનો ડંકો છે.

ब्रह्म सत्यं जगन्मिथ्या जीवो ब्रह्मैवनापरः ।
अनेन वेद्यं सच्छास्त्रमिति वेदांत डिंडिमः ॥२०॥

બ્રહ્મ સત્ય છે, જગત્ મિથ્યા છે ને જીવ બ્રહ્મજ છે તેનાથી ભિન્ન નથી, આ કથનવડે સત્શાસ્ત્ર જાણવા યોગ્ય છે, આ સર્વ વેદાતનો ડંકો છે.

अंतर्ज्योति र्बहिर्ज्योतिः प्रत्यग्ज्योतिः परात्परः ।
ज्योतिर्ज्योतिः स्वयं ज्योतिरात्मज्योतिःशिवोऽ
स्म्यहम् ॥२१॥

હુ અતર્જ્યોતીરૂપ, બહારના પ્રકાશરૂપ, સર્વાતર જ્યોતીરૂપ માયાથી પર, સર્વ જ્યોતિઓના જ્યોતિરૂપ, સ્વય પ્રકાશ, આત્મ-જ્યોતિરૂપને કલ્યાણરૂપ છુ

इति श्रीमत्परमहंस परिव्राजकाचार्य श्रीमच्छंकराचार्य विरचिता ब्रह्मनामावलि समाप्ता ॥

॥ यत्र नार्यस्तु पूज्यन्ते रमन्ते तत्र देवताः ॥

આર્યબંધુઓ અને ભગિનીઓ ! ! !

દીર્ઘ દ્રષ્ટીથી વિચાર કરતા સરવેને જણાશે કે ભરતભૂમિની
અધોગતિ થવામા કાંઈ ન્યૂનતા રહી નથી. અને દીનપ્રતિદીન અ
વનતિ થતીજ જાય છે તેના મૂખ્ય કારણોમાનુ એક કારણ
આપણી માતાઓનુ અજ્ઞાનમય જીવન, સ્ત્રી કેળવણીની અત્યત
ખામી અને અપાતી કેળવણીની કેટલાક અંશે નિર્માલ્યતા. જ્યારે
માતાઓના ઉચ્ચ જીવન ઉપર પ્રજાની સ્થિતિનો તથા સુખનો
બધો આધાર ઘણે ભાગે રહેલો છે ત્યારે તે અગજ તદ્દન ની-
જીવ છે તેને કાઈક અશે સજીવ કરવા અને તેથી થતા લાભો
સમાજમાં બતાવવાના હેતુથી અત્રે ત્રણ વરસ ઉપર તેવી એક
સંસ્થા શ્રીમત્ જગદગુરુ શ્રી ગોવરધનમઠાધીશ શ્રી શકરાચાર્ય
મહારાજના ઉત્તરાધિકારી શ્રી શકર જગન્નાથતીથ સ્વામીજીના
હસ્તે ખુલ્લી મૂકવામા આવી છે. અને ત્યા એક સ્ત્રી ઉપદેશક
મારફતે ધાર્મિક, નૈતિક અને વ્યવહારીક બોધ પૂખ્ત ઉમરની
બાઇઓ કે જે પ્રાથમિક શાળાઓમાં જઇ શકે નહી તેમને આ-
પવામા આવે છે તથા નિશાળમા ભણતી બાળાઓને તેમના
નિશાળના સમય બાદ તથા નિશાળે જવુ અનુકૂળ ન હોય એવી
બાળાઓને નોખા નોખા વિષયો જેવા કે—સસ્કૃત, વ્યાકરણ, શ્રી
મદ્ભાગવત, ગીતા, વિષ્ણુસહસ્ત્રનામ, મહિમ્ન, રામરક્ષા, રામા-
યણ (તુળસીકૃત) તથા વિવિધ સ્તોત્રો વગેરે તથા પચીકરણ
પંચદશી, વિચાર સાગર વગેરે વેદાતના વિષયો આદિ શિખવવા-
માં આવે છે. ગૃહકાર્યમાં પરાયણ એવી બાઈઓ પણ પોતાના

કાર્યમાંથી થોડો સમય બચાવી આ સંસ્થાનું શિક્ષણ લેવા આવે છે જેનો લાભ અત્યારે સરેરાશ પચાસ બાઇઓ લે છે, તથા સાંજના વખતમાં કથા વાર્તા તથા ભજન કીર્તન કરવામાં આવે છે જે વખતે સો સવાસો બાઇઓ લાભ લે છે, જેથી તે પ્રત્યે સર્વનો ભાવ છે તેવું જણાય છે. પરંતુ દ્રવ્યની ખામીથી જોઇએ તેવું કામ આગળ ચલાવી શકાતું નથી અત્યાર સુધી ભાડાના ઘરમાં બેસી કામ ચાલે છે તો એક સારૂં મકાન તથા સંસ્થાને જોઇતા પુસ્તકો ફર્નીચરની પણ ખાસ જરૂર છે. અનાથને ભણવા જોઇતા સાધનો પણ પુરા પાડવા પ્રસંગ આવે તેવા વખતે ફંડ વિના લાચાર બનવું પડે છે જ્યારે આ પ્રમાણે સંસ્થાનો લાભ ઘણા માણસો લેવા ધારે છે. અને સ્ત્રી ઉપદેશક બીના બદલાથી કામ કરવા ઉત્સુક છે ત્યારે અમારી સર્વે દેશહિતચિંતક ગ્રહસ્થોને વિનંતી છે કે પોતાથી બનતી મદદ કરી અમોને આભારી કરશોજી અને તે મદદ આપે દેશનેજ કરી ગણાશે,

લી.

એક શુભેચ્છક

મદદનાં નાણાં

વિદુષીબાઇ પરસન રણછોડલાલ

ના નામથી મોકલાવશોજી.

વ્યવસ્થાપક

શ્રી સનાતનધર્મ સ્ત્રી સમાજ-અમદાવાદ.

રાયપુરચકલો.